## પ્ર ક ર ણ (૬)

### ગુણ-દોષ વિધાન

નાટ્યશાસ્ત્રના ૧૭માં અધ્યાય અંતર્ગત ભરતમુનિએ વાચિક અભિનયના ક્રમમાં કાવ્યના ગુણ-દોષ નિરુપ્યા છે. ગુણોને તેઓ દોષનો વિપર્યય માનતા હોવાથી ભરતમુનિએ પ્રથમ કાવ્યના દોષો નિરુપ્યા છે અને પછી કાવ્યના ગુણો.

### દોષવિધાન

ગૌતમના ન્યાયસુત્રમાં શબ્દ-પ્રમાણના સંદર્ભમાં વર્ણવવામાં આવેલા દોષો, કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં લેખ અને રચનાના સંદર્ભમાં નિરુપવામાં આવેલા દોષો, મહાભારતના શાંતિપર્વમાં સુલભાજનક સંવાદમાં ઉલ્લિખિત દોષો, અનુયોગધ્વાર નામના જૈનાગમમાં વર્ણવવામાં આવેલા સાહિત્યિક દોષો વિગેરે દોષોનો અનુસરણ અથવા આદર્શ પર કાવ્યદોષોનું પણ નિરુપણ થયું છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય છે કાવ્યને પરિપૂર્ણ બનાવવું. કાવ્યદોષોના નિરુપણનું વિવરણ સર્વ પ્રથમ નાટ્યશાસ્ત્રમાંજ મળે છે એટલે તેના પ્રવર્તક પણ ભરતમુનિ હોવાનું સ્પષ્ટ થાય છે. ઉત્તરકાલિન આચાર્યોએ દોષના સ્વરુપનું વિવેચન તથા વિસ્તાર લોકવ્યવહાર તથા વિવિધ શાસ્ત્રોના પરિશીલનના આધારે કર્યું છે. ભરતમુનિ પૂર્વે તેમજ સમાન્તરે થયેલી કાવ્યદોષ સંબંધી થયેલો ચર્ચાનો સમાવેશ નાટ્યશાસ્ત્રમાં થયો હોવાનું અનુમાન કરી શકાય.

### દોષ તથા તેના પ્રભેદો

ભરતમુનિએ કાવ્યગત દોષ દસ પ્રકારના માન્યા છે. યતા -
(૧) ગૂઢાર્થ (૨) અર્થાન્તર (૩) અર્થહીન (૪) ભિન્નાર્થ (૫) એકાર્થ (૬) અભિપ્લુતાર્થ (૭) ન્યાયાદપેત (૮) વિષમ (૯) વિસન્ધિ (૧૦) શબ્દચ્યુત .

(અધ્યાય ૧૭ / શ્લોક ૮૭ )

### (૧) ગૂઢાર્થ

ભરતમુનિના કથન અનુસાર જ્યાં પર્યાયવાચક (અપ્રસિધ્ધ) શબ્દો ધ્વારા વર્ણ્ય

અથવા વિષય કહેવામાં આવે તેને ગૂઢાર્થ કહે છે. (શ્લોક ૮૮ પૂર્વાર્ધ)

શબ્દોના ગૂઢાર્થને પર્યાય શબ્દથી દર્શાવવો તે ગૂઢાર્થ દોષ છે. જેમ કે દશરથ પદ માટે 'અધિકનવવિમાન'નો પ્રયોગ. અહીં એવા યદૃચ્છા શબ્દને પર્યાય દ્વારા સંકેતિત કરવામાં આવ્યો છે કે જે દુર્બોધતાગ્રસ્ત છે.

ગૂઢાર્થના આધારે પ્રયાર્યોક્તિ અલંકારનો વિકાસ થયો હોવાનો સંભવ છે. તેમાં શબ્દોના અર્થ અત્યંત ગૂઢ રહે છે. ભરતમુનિના મતે નાટ્યપ્રયોગમાં ગૂઢાર્થના બાધક બને છે. આ કારણેજ ભરતમુનિએ 'ગૂઢશબ્દાર્થહીનતા'નું સ્પષ્ટ વિધાન કર્યું છે. ભામહે પણ 'ગૂઢશબ્દાભિધા નામના દોષનો ઉલ્લેખ કર્યો છે. મમ્મટે 'ગૂઢાર્થને 'નિહતાર્થ' દોષ કહ્યો છે.

(૨) અર્થાન્તર

ભરતમુનિના વિધાન પ્રમાણે અવર્ણનીય વિષયનું વર્ણન કરવામાં આવે તેને અર્થાન્તર દોષ કહે છે. (શ્લોક ૮૮ ઉત્તરાર્ધ)

અવર્ણ્યનું વર્ણન કરવું તે અર્થાન્તર નામનો દોષ બને છે. તેનો સંબંધ રચના અંતર્ગત પ્રતિપાદ્ય વિષય તથા રસ સાથે છે. આ દોષને લીધે વર્ણ્ય વસ્તુનું ઔચિત્ય ઢંકાઇ જાય છે અને પ્રતિપાદ્ય વિષય કે રસની ઉપેક્ષા થાય છે. મહિમભટ્ટે આ વ્યાપક દોષને દૃષ્ટિમાં રાખીને અવાચ્યવચન અને વાચ્યવચન વિગેરે દોષોનો ઉલ્લેખ કર્યો છે.

(૩) અર્થહીન

ભરતમુનિના કથન અનુસાર અસંબદ્ધ અર્થ કે અસમાપ્ત અર્થ અર્થહીન કહેવાય છે. (શ્લોક ૮૯ પૂર્વાર્ધ)

આમ અર્થની અસંબદ્ધતા અથવા અપૂર્ણ અર્થના બાહુલ્યથી 'અર્થહીન' કાવ્યદોષ સંભવે છે એવો ભરતમુનિનો અભિપ્રાય છે. ભામહ તથા દણ્ડીએ તેને 'અપાર્થ દોષ' માન્યો છે. મમ્મટાદિ સમ્મત ન્યૂનપદ અથવા નિરર્થક સાથે આ દોષને સરખાવી શકાય.

(૪) ભિન્નાર્થ

ભરતમુનિ જણાવે છે તેમ અસભ્ય અથવા ગ્રામ્ય અર્થના સૂચક અર્થને ભિન્નાર્થ દોષ કહે છે. અથવા જ્યાં વિવક્ષિત અર્થના સ્થાને અવિવક્ષિત અર્થનું કથન કરવામાં આવે તેને પણ ભિન્નાર્થ દોષ કહે છે. (શ્લોક ૮૯ ઉત્તરાર્ધ તથા શ્લોક ૯૦)

અવિવક્ષિત અર્થના કથનથી અથવા ગ્રામ્ય શબ્દના પ્રયોગથી ભિન્નાર્થ દોષ સંભવે છે. ભોજે પદદોષ અન્તર્ગત 'વિરુદ્ધ અભિહિત' રુપે ભિન્નાર્થ દોષનો ઉલ્લેખ કર્યો છે. તેને મમ્મટાદિ સમ્મત 'પ્રકાશિતવિરુદ્ધતા' કે 'વિરુદ્ધમતિકૃત'ની સાથે સરખાવી શકાય.

(૫) એકાર્થ

ભરતમુનિના વિધાન અનુસાર જ્યાં અનેક શબ્દોનો એકજ અર્થ માટે પ્રયોગ કરવામાં આવે ત્યાં એકાર્થ નામનો દોષ બને છે. (શ્લોક ૯૧ પૂર્વાર્ધ)

એકજ વર્ણ્ય માટે અનેક પદોનો પ્રયોગ એકાર્થ દોષ બને છે. આમ એકાર્થ દોષ પુનરુક્તિનો પર્યાય માન્ય છે. ભામહ તથા દણ્ડીએ પણ તેનો ઉલ્લેખ કર્યો છે.

(૬) અભિપ્લુતાર્થ

ભરતમુનિના કથન પ્રમાણે જેના પ્રત્યેક પાદમાં, સંક્ષેપમાં વાક્યાર્થ પૂર્ણરુપે સ્થાપિત કરવામાં આવે તેને અભિપ્લુતાર્થ નામનો દોષ કહે છે. ( શ્લોક ૯૧ ઉત્તરાર્ધ )

પદ્યના પ્રત્યેક પાદમાં અર્થની સમાપ્તિ થઇ જવી કે જે એક બીજાથી નિરપેક્ષ હોય તેને અથવા લાંબા સમાસનો એક પાદમાં પ્રયોગ કરી અર્થને દુર્બોધ બનાવવો તેને અભિપ્લુતાર્થ દોષ કહે છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે. એને મમ્મટાદિ સંમત ક્લિષ્ટત્વની સાથે સરખાવી શકાય.

(૭) ન્યાયાદપેત

ભરતમુનિ જણાવે છે તેમ પ્રમાણરહિત વિષયનું કથન 'ન્યાયાદપેત' નામનો કાવ્યદોષ કહેવાય છે. ( શ્લોક ૯૨ પૂર્વાર્ધ )

લોકપરંપરાનો વિરોધ કરવાથી કે દેશ, કાળ, કળા, ન્યાય અથવા આગમ વિરુધ્ધ કોઇ ઉપર્યુક્ત તર્ક ન આપી શકવાથી આ દોષ બને છે. તેમાં પ્રતિજ્ઞા અથવા દૃષ્ટાંતનો વિરોધ અથવા અભાવ રહે છે, એવો ભામહનો મત છે. વામને 'વિદ્યાવિરુધ્ધ' તથા 'લોક વિરુધ્ધ' તથા ભોજે 'વિરુધ્ધ' નામનો દોષ વર્ણવ્યો છે. ન્યાયાદપેત દોષને મમ્મટાદિ સંમત વિદ્યાવિરુધ્ધતા કે પ્રસિધ્ધિવિરુધ્ધ જેવા દોષો સાથે સરખાવી શકાય.

(૮) <u>વિષમ</u>

ભરતમુનિના વિધાન પ્રમાણે છંદનો ભંગ થવાથી કાવ્ય દોષ સંભવે છે.
(શ્લોક ૯૨ ઉત્તરાર્ધ)

છન્દ અથવા વૃત્તોનો અનુચિત પ્રયોગ કરવાથી, છન્દ શૈથિલ્યને કારણે ઉદ્ભવતો આ દોષ છે. તે વિવક્ષિત અર્થ અથવા રસને પ્રતિકુળ હોય છે. મમ્મટાદિ સંમત 'હતવૃત્તતા' સાથે તેને સરખાવી શકાય.

(૯) <u>વિસન્ધિ</u>

ભરતમુનિના કથન અનુસાર જો શબ્દોને પરસ્પર સંધિહીન દશામાં રાખવામાં આવે તો 'વિસન્ધિ' દોષ બને છે. ( શ્લોક ૯૩ પૂર્વાર્ધ )

જ્યારે પદોને સન્ધિના નિયમ અનુસાર રાખવામાં ન આવે કે દોષપૂર્ણ સન્ધિયુક્ત રાખવામાં આવે કે સન્ધિહીન સ્થિતિમાં પ્રયુક્ત કરવામાં આવે તો વિસન્ધિ દોષ ઉદ્ભવે છે.

(૧૦) <u>શબ્દચ્યુત</u>

ભરતમુનિ જણાવે છે તેમ જ્યાં એક વર્ણ અથવા શબ્દનો લોપ કરવામાં આવે તો ત્યાં શબ્દચ્યુત દોષ સંભવે છે. (શ્લોક ૯૩ ઉત્તરાર્ધ)

શબ્દચ્યુત દોષ બહું વ્યાપક છે. ઉચિત શબ્દોનો પ્રયોગ ન થવાથી વિવક્ષિત ભાવોનું પ્રકાશન ન થવાને લીધે આ દોષ સંભવે છે. એની અંતર્ગત અનુચિત શબ્દો તથા

વ્યાકરણ સંબંધી દૂષિત પ્રયોગોનો પણ સમાવેશ થાય છે. આવા પ્રયોગો રસ અને અર્થની દૃષ્ટિએ અપશબ્દ જ હોય છે. જો કે ભામહ અને દણ્ડી તેને વ્યાકરણ સંબંધી દોષ માને છે પણ પછીના સમયમાં તેનો વિસ્તાર અર્થદોષની દૃષ્ટિથી ખુબ વ્યાપક બન્યો છે.

કેટલાક અન્ય દોષો

નાટ્યશાસ્ત્રના ૨૭માં અધ્યાય 'સિધ્ધિવિધાન અધ્યાય'માં, નાટ્ય-સિધ્ધિના સંદર્ભમાં ભરતમુનિએ કેટલાક સ્થૂળ દોષોનો પુનઃ ઉલ્લેખ કર્યો છે જે આ પ્રમાણે છે. પુનરુકત, અસમાસ, વિભકિત, વિસંધિ, અપાર્થ, ત્રિલિંગજ, પ્રત્યક્ષ પરોક્ષ સમોહ, છન્દોવૃત્ત ત્યાગ, ગુરુલઘુસંકર તથા યતિ-ભેદ. જો કે ભરતમુનિએ આ તમામ દોષોને ઉચ્ચારણ દોષો હોવાનું જણાવી, સંવાદોના ત્રુટિપૂર્ણ ઉચ્ચારણને કારણે ઉદ્‌ભવતી નટકૃત અથવા આત્મસમુત્થા હાન અંતર્ગત તેનું નિરુપણ કર્યું છે.

ઉચ્ચારણ દોષો

(અધ્યાય ૨૭, શ્લોક ૨૯ - ૩૦ )

| | | |
|---|---|---|
| ૧ | પુનરુકિત | સંવાદોમાં પુનરુકિત થવી તે. |
| ૨ | અસમાસ | દોષપૂર્ણ સામાસિક પ્રયોગ કરવો તે |
| ૩ | વિભકિતભેદ | વિભકિતના પ્રયોગમાં ભૂલ થવી તે |
| ૪ | વિસંધિ | યોગ્ય સન્ધિનો અભાવ અથવા સંધિ ખોટી રીતે છુટી પાડી સંવાદ બોલવો તે. |
| ૫ | અપાર્થ | અસંગત શબ્દોનો પ્રયોગ કરવો તે. |
| ૬ | ત્રિલિંગજદોષ | શબ્દોનો ત્રણ લિંગ અનુસાર પ્રયોગ ન કરવો તે. |
| ૭ | પ્રત્યક્ષ-પરોક્ષ સમોહ | શબ્દોના પ્રત્યક્ષ પરોક્ષ સંબંધનું અજ્ઞાન. |
| ૮ | છન્દોભંગ/ છન્દોવૃત્ત ત્યાગ | છંદનો ભંગ કરવો અથવા છન્દના સ્વરુપનો પરિત્યાગ કરવો. |

| | | |
|---|---|---|
| ૯ | ગુરુ-લઘુ સંકર | ગુરુ તથા લઘુ વર્ણોનું અનપેક્ષિત પરિવર્તન. |
| ૧૦ | યતિભંગ | ખોટી જગ્યાએ યતિનો વિનિયોગ કરવો-યતિદોષ. |

ભરતમુનિએ ગણાવેલા 'ઉચ્ચારણ દોષો' માં પુનરુકત અને અપઅર્થ અનુક્રમે એકાર્થ અને અર્થાન્તરે દોષોના પર્યાય છે. વિસંધિની પુનઃ પરિગણના થઇ છે. અસમાસ, વિભકિત, વિસંધિ, ત્રિલિંગજ, પ્રત્યક્ષ પરોક્ષ સંમોહ (કાળ) વ્યાકરણ સંબંધી દોષ છે જયારે છન્દોવૃત્ત્યાગ, ગુરુલઘુસંકર, યતિ ભેદ આ ત્રણ છન્દ સંબંધી દોષો છે.

ભરતમુનિના 'દોષવિધાન નિરુપણ' પરથી સ્પષ્ટ થાય છે કે શબ્દનો સાધુપ્રયોગ, વર્ણ્ય અથવા અર્થને ઉપયુકત કાવ્યરચના કરવી તથા રસાનુવર્તી છન્દ પ્રયોજવો - તમામને લીધે કાવ્ય ઉત્તમ અથવા દોષ રહિત બને છે. જો કે ભરતમુનિના સમયમાં શબ્દ અને અર્થમાં વિભાજિત થઇ દોષ વિચારનો આરંભ થયો નહોતો છતાં પણ આવા વિભાજનની સંભાવનાનો આધાર અવશ્ય નિર્માણ પામ્યો હતો. ભરતમુનિ નિરુપિત દોષોના વર્ગીકરણ અને નિરુપણથી, પછીના આચાર્યોને 'દોષહાન' 'ગુણવિપર્યય' તથા 'દોષોની અનિત્યતા' અને અનૌચિત્ય' જેવા વિચારોની પ્રેરણા મળી. ભરતમુનિએ અલંકાર-દોષની કલ્પના નથી કરી કારણ કે તેમના સમયમાં અલંકારોની સંખ્યા સીમિત હતી. અન્યથા દોષ સંબંધી તમામ વિચારતત્ત્વ મૂળરૂપમાં નાટ્યશાસ્ત્રમાં ઉપલબ્ધ છે. આચાર્ય વિશ્વનાથે 'અદોષત્વ'નો નિષેધ કર્યો તે મૌલિક ચિંતન નથી કારણ કે ભરતમુનિએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે 'નાટ્ય પ્રકૃતૌ દોષાનાત્યર્થતો ગઠયાઃ। ( શ્લોક ૪૬ ઉત્તરાર્ધ અધ્યાય ૨૭)

## ગુણ-વિધાન

કાવ્યગુણોનું શાસ્ત્રીય વિવેચન કરનાર ભરતમુનિ સંભવતઃ પ્રથમ આચાર્ય છે. ભરતમુનિએ દસ ગુણોના વિવરણના સંદર્ભમાં દોષોના અભાવ અથવા વિપર્યય રુપે ગુણને પ્રતિપાદિત કર્યા છે. ગુણની પરિભાષા આપતાં તેઓ સ્પષ્ટપણે જણાવે છે કે -

गुणा विपर्ययादेषां माधुर्यौदार्यलक्षणाः ॥

દોષોનું વિપરીત સ્વરુપમાં રહેવું ગુણ કહેવાય છે જે અનેક લક્ષણ અનુસાર માધુર્ય , ઔદાર્ય વિગેરે અર્થોનું વહન કરે છે. (શ્લોક ૯૪)

ગુણ એટલે દોષોનો અભાવ અથવા વિપર્યય એવી ભરતમુનિની માન્યતાનું સમર્થન દણ્ડી, ભોજ, વામન, મહિમભટ્ટ, આનન્દવર્ધન, મમ્મટ અને આચાર્ય વિશ્વનાથ જેવા કાવ્યશાસ્ત્રીઓએ કર્યુ છે. આ માન્યતાનો વિકાસ 'વિપર્યયવાદ' તથા 'દોષોની અનિત્યતા' રુપે થયો. ભરતમુનિ નિરુપિત કાવ્યગુણવિવરણે શબ્દાર્થ તથા રસાશ્રિત ગુણવિવેચનની ભૂમિકા સર્જી આપી. વાચિક અભિનયમાં નાટ્ય પ્રયોગની દૃષ્ટિએ કરવામાં આવેલું ગુણનિરુપણ રીતિવાદો તેમજ રસવાદો પ્રવૃત્તિઓ માટે મૂળભૂત પીઠિકારુપ બન્યું.

## ગુણ તથા તેના પ્રભેદો

ભરતમુનિએ દોષોની જેમ કાવ્યગત ગુણના દસ પ્રભેદો માન્યા છે. (૧) શ્લેષ (૨) પ્રસાદ (૩) સમતા (૪) સમાધિ (૫) માધુર્ય (૬) ઓજ (૭) સૌકુમાર્ય (૮) અર્થવ્યક્તિ (૯) ઉદાત્ત તથા (૧૦) કાન્તિ. (શ્લોક ૯૫). આ દરેક ગુણનું ભરતમુનિએ નિરુપેલું સ્વરુપ આ પ્રમાણે છે.

### (૧) શ્લેષ

ભરતમુનિના કથન અનુસાર ઇષ્ટ અર્થો વડે પરસ્પર-સંબદ્ધ પદોની શ્લિષ્ટતા (મસૃણબન્ધયોગ) શ્લેષ-ગુણ કહેવાય છે. (શ્લોક ૯૬)

અભિલષિત અર્થપરંપરાઓ જોડે જ્યાં પદ સમ્બદ્ધ હોય અથવા ગહન અર્થધારાઓ જ્યાં પદમાં આશ્લિષ્ટ હોય ત્યાં શ્લેષ સંભવે છે. અભિનવગુપ્તે શબ્દશ્લેષ અને અર્થશ્લેષ અલંકારોના ઉદ્ભવ-સ્ત્રોત રુપે 'શ્લેષગુણ'નું નિરુપણ કર્યુ છે.

### (૨) પ્રસાદ

ભરતમુનિના વિધાન પ્રમાણે સરળ શબ્દો તથા અર્થોના પ્રયોગ દ્વારા સ્પષ્ટતાબોધક વ્યાખ્યા વિના અર્થાવબોધ જ્યાં સરળતાથી થતો હોય તેને પ્રસાદ ગુણ કહે છે. (શ્લોક ૯૭)

પ્રસાદ ગુણમાં શબ્દાર્થનો સંયોગ સુખદાયક હોય છે, અર્થ સ્ફટિકની જેમ સ્વયં પ્રતિભાસિત થાય છે. વામન અને અભિનવગુપ્તે અર્થગુણને 'અર્થ-વિમલતા' રુપે પરિભાષિત કર્યો છે. કુવલયાનન્દે કદાચ આ પ્રસાદ ગુણ સંપન્નતાના આધારે 'મુદ્રા' અલંકારની પરિકલ્પના કરી છે. પ્રસાદ ગુણ રસવાદી આચાર્યો દ્વારા સ્વીકૃત પ્રધાન ત્રણ ગુણોમાં એક છે.

(૩) સમતા

ભરતમુનિ જણાવે છે તેમ જે રચનામાં અસમસ્ત પદ હોય, જે વ્યર્થ અર્થને પ્રગટ ન કરતાં હોય તથા દુર્બોધ ન હોય તો તેને, શબ્દોની સમાનતાના કારણે 'સમતા' નામનો ગુણ કહે છે. (શ્લોક ૯૮) અન્ય પાઠ પ્રમાણે જેમાં અલંકાર તથા ગુણ સમભાવપૂર્વક સ્થિત રહી એક બીજાની શોભા વધારે તેને સમતા નામનો ગુણ કહે છે. હેમચંદ્રે આ બીજો પાઠ સ્વીકારી જણાવ્યું છે કે ભિન્ન અધિકરણમાં અવસ્થિત ગુણ તથા અલંકાર પરસ્પર વિભૂષિત નથી કરતાં. વામને સમતાનો વૃત્તિમાં સમાવેશ કર્યો છે.

(૪) સમાધિ

ભરતમુનિના કથન અનુસાર પ્રતિભાશાળી વ્યક્તિઓ દ્વારા વિશેષ અર્થ જે રચનામાં જોવામાં આવે તેને સમાધિ કહે છે. (શ્લોક ૯૯)

અન્ય પાઠ પ્રમાણે ઉપમા વિગેરેથી વ્યક્ત થનારા તથા સમ્પ્રાપ્ત વિષયો અથવા અર્થોના પ્રયત્નપૂર્વકના સમાસ વિગેરે દ્વારા સુસમ્બદ્ધ ઉપસ્થાપન (પ્રયોગ) કરવામાં આવે તો સમાધિ ગુણ બને છે.

ઇષ્ટાર્થની અભિવ્યક્તિ માટે ઉપમા ગ્રહણ કરવી અથવા કવિ પ્રતિભા દ્વારા પ્રયુક્ત પદ અથવા વાક્યથી વિશિષ્ટ અર્થાન્તરની પ્રતીતિ થવી તે સમાધિ. અભિનવગુપ્તે પણ તેનો શબ્દ-ગુણ રુપે સ્વીકાર કરી વિસ્તૃત વિવરણ આપ્યુંછે.

(૫) માધુર્ય

ભરતમુનિના વિધાન પ્રમાણે જે વાક્ય અનેક વાર સાંભળવા કે કહેવા છતાં (અભીષ્ટ હોવાથી) ઉદ્વેગ ઉત્પન્ન ના કરે તો એવા ગુણને માધુર્ય કહે છે. (શ્લોક ૧૦૪)

માધુર્યમાં વાકયની પુન: પુન: આવૃત્તિ થવા છતાં મધુરતા પૂર્વવત જળવાઇ રહે છે. અભિનવગુપ્તની દૃષ્ટિએ તે અર્થગુણ છે. મમ્મટ તથા આનંદવર્ધન વિગેરે આચાર્યો ધ્વારા સ્વીકૃત ત્રણ ગુણોમાંનો એક છે.

### (૬) ઓજ

ભરતમુનિના કથન અનુસાર જે રચના અનેક સામાસિક તથા વિચિત્ર પદોથી યુકત હોય તથા જેનો અર્થ ઉદાર તથા જેનો ધ્વનિ અનુરાગમય હોય તેને ઓજ ગુણ કહે છે. (શ્લોક ૧૦૧) અન્ય પાઠ પ્રમાણે જે રચના, હીન હોવાં છતાં પણ ઉદ્દાત્ત અર્થની પ્રતીતિ કરાવનારી હોય તો શબ્દ અને અર્થની સંપત્તિશાલિની એવી આ રચના ઓજ ગુણયુકત કહેવાય છે. આચાર્ય હેમચન્દ્રે બીજો પાઠ સ્વીકાર્યો છે પણ તેઓ ઓજને ગુણ નહીં પણ પ્રકૃત કવિકર્મ માને છે. વી. રાઘવનના મતાનુસાર' 'સાનુરાગેરુદારૈશ્ચ' એ પદમાં 'સાનુ' શબ્દની જગ્યાએ 'કાકુ' શબ્દનો પાઠ સ્વીકારવાથી 'કાકુ' સ્વરનો બોધક બને છે. જેનો નાટ્યપ્રયોગથી પ્રત્યક્ષ સંબંધ છે. અભિનવગુપ્તે ઓજને અર્થગુણ કહયો છે.

### (૭) સૌકુમાર્ય

ભરતમુનિ જણાવે છે તેમ જે સુશ્લિષ્ટ સરળતાથી યુકત સન્ધિને કારણે સરળતાથી વ્યવહાર કરવામાં આવતા શબ્દો તથા સુકુમાર અર્થથી યુકત હોય તો તેને સૌકુમાર્ય ગુણ કહે છે. (શ્લોક ૧૦૨)

સુખપૂર્વક ઉચ્ચારણ અથવા પ્રયોગ ઉપયુકત તથા સુશ્લિષ્ટ સંધિ તેમજ કોમળ અર્થ વડે અનુપ્રાણિત રચના સૌકુમાર્ય કહેવાય છે. જડ માટે 'દેવાનાં પ્રિય' તથા મૃત માટે 'યશ:શેષ', 'સુકુમાર ભાવવ્યંજક શબ્દોનો પ્રયોગ ઉચિત માનવામાં આવે છે. અભિનવગુપ્તની દૃષ્ટિએ સુકુમારતા શબ્દ તથા અર્થ બંનેની હોય છે. દણ્ડી તથા હેમચન્દ્રના મત પ્રમાણે સૌકુમાર્ય શબ્દગુણ જ છે.

## (૮) અર્થવ્યક્તિ

ભરતમુનિના કથન પ્રમાણે જે રચનામાં લોકમાં અતિ પ્રસિધ્ધ અર્થનું સુપ્રસિધ્ધ શબ્દો દ્વારા અભિધાન થાય તેને અર્થવ્યક્તિ નામનો ગુણ કહે છે. (શ્લોક ૧૦૩) અન્ય પાઠ પ્રમાણે શબ્દના પ્રયોગની સાથેજ અર્થ ચિત્તમાં પ્રવેશ કરે તેને અર્થવ્યક્તિ ગુણ કહે છે.

અર્થવ્યક્તિમાં અર્થ સ્પષ્ટ હોય છે. નાટ્ય અથવા કાવ્યવ્યાપારમાં સુપ્રસિધ્ધ તથા લોકધર્મ-વ્યવસ્થિત અભિધાનનો પ્રયોગ થવાથી સદ્યઃ અર્થવ્યક્તિ થાય છે. અન્ય પરિભાષા પ્રમાણે ભાવ અને વસ્તુનો અભિનય જ અર્થવ્યક્તિ કહેવાય છે. પાત્ર દ્વારા વાસ્તવિક પ્રયોગ થાય તે પૂર્વે જ, મનોબલના યોગથી, પ્રેક્ષકના હૃદયમાં, અભિનીત થનારી વસ્તુનો આભાસ થઇ જાય છે. તે પ્રસાદ ગુણની નજીકનો ગુણ છે. પ્રસાદમાં સદ્યઃ અર્થ પ્રગટ થઇ જાય છે, અને અર્થવ્યક્તિમાં મન, સમસ્ત નાટ્યવ્યાપારમાં અનુપ્રવિષ્ટ થઇ જાય છે. વામનના મત પ્રમાણે આ ગુણમાં વસ્તુનું જ્ઞાન શબ્દ પ્રયોગ પૂર્વે જ થઇ જાય છે. તે અર્થગુણ છે કારણ કે અભિવ્યક્તિ તો વસ્તુ તથા અર્થનીજ થાય છે. દણ્ડી તથા અન્ય આચાર્ય તેને જાતિ અથવા સ્વભાવોક્તિ અલંકારની નજીકનો ગુણ માને છે. આચાર્ય વિશ્વનાથે પ્રસાદ ગુણમાં તેનો સમાવેશ કર્યો છે.

## (૯) ઉદાત્ત

ભરતમુનિ જણાવે છે તેમ રચનામાં જ્યારે દિવ્યપાત્રોની શૃંગાર તથા અદ્‌ભુત રસયુક્ત વર્ણના હોય તથા જે અનેક ભાવોથી પૂર્ણ હોય તેને ઉદાત્ત ગુણ કહે છે. (શ્લોક ૧૦૪) અન્ય પાઠ પ્રમાણે અનેક વિશેષ અર્થો વડે, રચનાગત પદાવલી, નિપુણતાપૂર્વક કહેવામાં આવેલા સુંદર શબ્દોને લીધે અનેક અર્થોને ધારણ કરે તો તેને ઉદાત્ત ગુણ કહે છે.

દિવ્ય તેમજ વિવિધ ભાવોથી વિભૂષિ થવાથી તથા શૃંગાર તેમજ અદ્‌ભુત રસો સમાવિષ્ટ થવાથી રચના ઉદાત્ત ગુણ સંપન્ન બને છે. અથવા અનેક વિશિષ્ટ અર્થો સૌષ્ઠવથી ઉપેત રચના ઉદાત્ત ગુણયુક્ત બને છે. પ્રથમ પરિભાષાનું ઉદાત્તાલંકાર જોડે સામ્ય છે અને બીજી પરિભાષાનું નાટક પ્રકારના રુપક ભેદ સાથે. દણ્ડીના મત પ્રમાણે જે ઉક્તિનો પ્રયોગ

થવાથી ઉત્કર્ષશાલી ગુણ પ્રતીત થાય તેને ઉદાત્ત ગુણ કહે છે. આ ગુણ કાવ્યનો પ્રાણ છે. ભોજ, હેમચન્દ્ર, અગ્નિપુરાણકાર અને વામન વિગેરે આચાર્યોએ બીજો પાઠ સ્વીકાર્યો છે. વામને તેને શબ્દગુણ માની તેનો 'ઓજ'માં સમાવેશ કર્યો છે.

(૧૦) કાન્તિ

ભરતમુનિના કથન અનુસાર જે રચનામાં પાત્રની શૃંગારક્રીડાનું કરવામાં આવેલું વર્ણન મન તેમજ કાનને આહલાદિત કરે તેને કાન્તિ ગુણ કહે છે. (શ્લોક ૧૦૫)

'કાન્તિ'માં શબ્દબંધનો એવો પ્રયોગ થાય છે કે મન અને શ્રોત્ર બંને આહલાદિત થઈ જાય છે તથા સંપૂર્ણ રચના લીલા વિગેરે ચેષ્ટા અલંકારથી સુંદર બને છે. તેમાં શબ્દ તથા અર્થગુણ બંનેનો સમન્વય થાય છે. દણ્ડીના મત પ્રમાણે લોકસીમાનું અનુ અતિક્રમણ કાન્તિ કહેવાય છે. અભિનવગુપ્તના કથન અનુસાર આજ વામન કથિત 'દીપ્તરસત્વ' છે.

ભરતમુનિના નિરુપિત ગુણોના વિશ્લેષણના આધારે એમ કહી શકાય કે આ ગુણોના વ્યાખ્યાનના સંદર્ભમાં તેમની ચિંતન ધારા સમાન રીતે કાવ્ય તેમજ નાટ્ય પ્રયોગોન્મુખી રહી છે. સૌકુમાર્ય અને અર્થવ્યક્તિ નામક ગુણોની પરિભાષાઓમાં પ્રયોજવામાં આવેલ 'પ્રયોજ્ય' અને 'પ્રયોગ' શબ્દોનો ઉલ્લેખ તેમજો નાટ્યોન્મુખી ચિંતનધારાનો સંકેત કરે છે તો સમતા, શ્લેષ તથા ઉદારતા વિગેરે ગુણ કાવ્યોન્મુખી પ્રવૃત્તિનો અણસાર આપે છે. ભરતમુનિના ગુણ સંબંધી વિવરણથી શબ્દગુણ અને અર્થગુણની વિભાજક રેખાનો અસ્પષ્ટ સંકેત પણ મળે છે. શ્લેષમાં શબ્દ તથા અર્થની શ્લિષ્ટતા, સમતામાં અલંકાર અને ગુણોની પરસ્પર ઉપકારકતા અને ઉદાત્તમાં નાટકની પરિભાષા સુત્રરુપે રહેલા જોવા મળે છે. દસ ગુણોમાં કેટલાક અર્થગુણ, કેટલાક શબ્દગુણ, કેટલાક ઉભયાત્મક, તો કેટલાક પૂર્ણપણે કાવ્યગુણ છે.

ભરતમુનિના પછીના કાળમાં ગુણ સિધ્ધાન્તની બે ધારાઓ વિકાસ પામી. વામને રીતિને કાવ્યનો આત્મા સ્વીકારી ગુણને તેના અંગરુપે પ્રતિપાદિત કર્યા અને આનંદવર્ધને રસને કાવ્ય અને નાટ્યનો આત્મા માની રસાશ્રિત ગુણસિધ્ધાન્તનું પ્રતિપાદન કર્યું. ભરતમુનિ ગુણવિવેચનની આ વિકસિત પરંપરાથી પરિચિત હોય તેવું જણાતું નથી.

ગુણ દોષ વિધાન ઉપરાંત ભરતમુનિએ નાટ્યમાં વિવિધ રસ તથા ભાવની અભિવ્યક્તિ માટે પ્રયોજાતા વિવિધ અક્ષરોનું વિધાન પણ નિરુપ્યું છે જે આ પ્રમાણે છે.

અક્ષર વિધાન

છંદોનું વિવરણ કરતી વેળા ભરતમુનિ ત્રણ પ્રકારના અક્ષર હોવાનું જણાવે છે. હ્રસ્વ, દીર્ઘ તથા પ્લુત. (અધ્યાય ૧૫ શ્લોક ૯૩)

વિવિધ રસ તથા ભાવોની અભિવ્યક્તિ સાધવા માટે કવિએ નાટ્ય કૃતિમાં હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત અક્ષરોનો પ્રયોગ કરવો એવું વિધાન તેઓ ૧૭ માં અધ્યાયમાં કરે છે. (અધ્યાય ૧૭ શ્લોક ૧૧૩)

સ્વરોના ઉચ્ચારણના નિયમ અનુસાર એક માત્રાના અક્ષરને હ્રસ્વ, બે માત્રાના અક્ષરને દીર્ઘ તથા ત્રણ માત્રાના અક્ષરને પ્લુત કહેવામાં આવે છે. (અધ્યાય ૧૭ શ્લોક ૧૧૪)

પ્લુત અક્ષરનો વિનિયોગ

'પ્લુત અક્ષરનો વિનિયોગ' સંબંધી ચર્ચા કરતા ભરતમુનિ જણાવે છે કે કોઇ વાતનું સ્મરણ કરવામાં, અસુયા તથા રડવાની ક્રિયામાં તેમજ બ્રાહ્મણો દ્વારા વેદ પઠનમાં પ્લુત અક્ષરનો પ્રયોગ કરવો જોઇએ. સ્મરણમાં 'આ' અસૂયામાં 'ઉ' રુદનમાં 'હા' તથા વેદોના અધ્યયનમાં 'ઓમ્' નો વિનિયોગ કરવો જોઇએ. (અધ્યાય ૧૭ શ્લોક ૧૧૫-૧૧૬)

આ ઉપરાંત સર્વ પ્રકારની કાવ્ય રચનાઓમાં ભાવ તથા રસની સ્થિતિ પ્રમાણે હ્રસ્વ, દીર્ઘ તથા પ્લુત અક્ષરોનો પ્રયોગ કરવો જોઇએ. (અધ્યાય ૧૭ શ્લોક ૧૧૭)

અક્ષરવિધાન ઉપરાન્ત ભરતમુનિએ, નાટકમાં કવિએ કેવો ભાષા પ્રયોજવી જોઇએ તેની ચર્ચા 'નાટ્ય-બાની' અંતર્ગત કરી છે જે આ પ્રમાણે છે.

નાટ્યબાની

અધ્યાય ૧૭ શ્લોક ૧૧૯ થી ૧૨૧

ભરતમુનિના કથન અનુસાર નાટ્યકારે પોતાની રચનામાં એવા શબ્દોનો પ્રયોગ કરવો જોઇએ જે ઔદાર્ય ગુણથી પૂર્ણ (અર્થપૂર્ણ) તથા મધુર હોય. જેનું સ્ત્રીઓ દ્વારા ઉચ્ચારણ

થઇ શકે. આવો વિશેષતાઓથી યુકત કાવ્યરચના હોય તો જેમ રાજહંસોથી યુકત કમળ શોભે તેમ તે સુશોભિત બને છે. (શ્લોક ૧૧૯) પ્રસ્તુત શ્લોકમાં ભરતમુનિએ પ્રયોજેલા 'શબ્દાનુદાર મધુરાન્ પ્રમદાભિધેયાન્ ' પદોના ભિન્ન અર્થ અભિનવગુપ્તે આપ્યા છે. તેમના મતે ઉદાર પદથી શબ્દગુણ તથા મધુર પદથી તેને અનુકુળ એવા માધુર્યાદિ ગુણો સૂચિત કરવામાં આવ્યા છે. તેજ પ્રમાણે 'પ્રમદાભિદેય'ની અન્ય વ્યાખ્યા પણ છે. તદાનુસાર પ્રમદનો અર્થ છે- આહલાદ્જનક. તેનો અભિદેય અર્થાત્ ભાવાર્થ અથવા હૃદયગત-ક્રિયાવિશેષ. આવા સમગ્ર અર્થગુણોથી યુકત ભાવવાળો પદાવલીનો નાટ્યરચનામાં પ્રયોગ થવો જોઇએ.

ભરતમુનિ જણાવે છે તેમ 'ચેકીડિત' જેવા રુક્ષ શબ્દોના પ્રયોગથી યુકત નાટ્યરચના સુંદર લાગતી નથી, જેમ કૃષ્ણાજિન તથા રુક્ષ (મૃગ) ચર્મનું વહન કરનારા, યજ્ઞના ધૃતથી છલકતા કમંડળ તથા અક્ષમાલાયુકત હાથવાળા બ્રહ્મચારી ગણનું વેશ્યાની સાથે હોવું અનુચિત લાગે છે તેમ. (શ્લોક ૧૨૦)

'ચેક્રીડિત' પદ યઙન્ત છે. અહીં ણ્યન્ત અથવા સન્નન્ત પદોનો પ્રયોગ નટો માટે ઉચિત હોતો નથી એવો સંકેત કર્યો છે.

ભરતમુનિના વિધાન પ્રમાણે જે નાટ્યરચનામાં મૃદુ તથા લલિત અર્થોવાળી પદાવલી હોય, ગૂઢ શબ્દ તથા અર્થ ન હોય, પ્રેક્ષક સુખપૂર્વક જોઇ અને સમજી શકે તથા આનંદ મેળવી શકે, જેમાં યુકિત તેમજ વિચારપૂર્વક નૃત્તની યોજના કરવામાં આવી હોય, રસની પ્રવાહમય ગતિ હોય, સંધિઓનું સ્વરુપ સ્પષ્ટપણે પરિલક્ષિત થતું હોય તેજ નાટક સંસારમાં પ્રેક્ષણીય બને છે. (શ્લોક ૧૨૧)

નાટ્યબાની એ કાવ્યબાની કરતાં વિશિષ્ટ બાની છે. અર્થની સુસ્પષ્ટ અભિવ્યકિત અને નાદ સૌંદર્ય તેની વિશિષ્ટતા છે. નાટ્યમાં પ્રયોજાતો શબ્દ એ 'બોલાતો શબ્દ' Spoken word હોવાથી ભરતમુનિના વિધાન અનુસાર નાટકમાં એવી પદાવલી હોવી જોઇએ કે તેનું ઉચ્ચારણ કરતી વેળા કુશળ નટને કોઇ મુશ્કેલી પડવી ન જોઇએ તેમજ સાંભળતાની સાથેજ પ્રેક્ષકને તેના અર્થની સ્પષ્ટતા થઇ જવી જોઇએ. ભરતમુનિએ જેને 'અર્થવ્યકિત'

ગુણ કહ્યો છે તે ગુણ સંવાદોમાં હોવો જોઈએ. વળી નાટક એ ક્રિયાપ્રધાન હોવાથી, રંગમંચ ઉપર તેનો પ્રયોગ કરવામાં આવતો હોવાથી, તે દૃશ્યકાવ્ય હોવાથી, તેમાં 'ક્રિયાસાપેક્ષ' શબ્દોનો - ભરતમુનિ જેને 'અર્થ ક્રિયાયુક્ત' કહે છે તેવા શબ્દોનો પ્રયોગ થવો જોઈએ. નટ દ્વારા બોલાતો શબ્દ વાક્ અંગ તથા સત્ત્વથી ઉપેત હોવો આવશ્યક છે અને તોજ નાટક અભિનયક્ષમ બને. નાટકને અભિનયક્ષમ Stagable બનાવવા કેવી નાટ્યકલાની પ્રયોજવી જોઈએ તેનો વિચાર તેમણે શબ્દવિધાન, વૃત્તવિધાન, લક્ષણવિધાન, અલંકારવિધાન, ગુણ-દોષ વિધાન અંતર્ગત કર્યો છે એમ નિઃશંકપણે કહી શકાય.